# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21/06/2026** **Morning : 8.30 to 8.40**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. **રાજ્ય સહિત દેશભરમાં ૧૨માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી.**
2. **રાજ્યકક્ષાની ઉજવણીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, ગુજરાતે દેશમાં સૌથી વધુ યોગ ટ્રેનર તૈયાર કરવાની સિદ્ધિ મેળવી.**
3. **આજે નીટ UGની પુન:પરીક્ષા - ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત વચ્ચે રાજ્યના 79 હજારથી વધુ વિદ્યાર્થી પરીક્ષા આપશે.**
4. **રાજકોટ જિલ્લાના ઔદ્યોગિક વિસ્તાર શાપર-વેરાવળમાં વૃદ્ધને બંધક બનાવી અઢી કરોડ રૂપિયાની લૂંટ.**
5. **દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલાક વિસ્તારોમાં આગામી પાંચ દિવસ વરસાદની આગાહી.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# YOG DIVAS

રાજ્ય સહીત દેશભરમાં આજે ૧૨માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી થઈ રહી છે. મુખ્ય કાર્યક્રમ કોલકાતાના રેડ રોડ પર યોજાયો જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યોગ અભ્યાસનું નેતૃત્વ કર્યું. દેશવાસીઓને સંબોધન કરતાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, આજે આખો દેશ યોગની ઉર્જા સાથે એકબીજા સાથે જોડાયો છે. રાજ્યકક્ષાની ઉજવણી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે કરાઈ. ચાર હજારથી વધુ નાગરીકો સામૂહિક યોગાભ્યાસમાં જોડાયા. આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું કે, યોગમાં ગુજરાતે અગ્રેસરતા મેળવી છે.

**BYTE: BHUPENDRA PATEL CM**

રાજ્યની 17 મહાનગરપાલિકાઓ, તમામ જિલ્લા તાલુકાઓ, નગરપાલિકાઓ અને ગ્રામ્ય સ્તરે સામૂહિક યોગાભ્યાસ યોજાયો. રાજકોટ શહેરમાં આજથી દર ૧૫ મિનિટના અંતરે એક યોગ કોચિંગ લર્નિંગ સેન્ટર કાર્યરત થયું છે. આ અંગે રાજકોટ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા કહ્યું, આ સુવિધા આપનારું રાજકોટ દેશ પ્રથમ શહેર બન્યું છે.

**BYTE: TUSHAR SUMERA, RAJKOT MUNICIPAL COMMISSIONER**

દરમિયાન અમદાવાદ ખાતે આકાશવાણી પરિસરમાં પણ યોગ અભ્યાસ કાર્યક્રમ યોજાયો હતો.

# NEET-UG 2026-

રાજ્ય સહિત દેશભરમાં આજે-નીટ UGની પુન:પરીક્ષા યોજાશે. રાજ્યના 79 હજારથી વધુ વિદ્યાર્થી આ પરીક્ષા આપશે. પરીક્ષામાં કોઈ ગેરરીતિ ન થાય તે માટે સરકાર સતર્ક બની છે અને પરીક્ષા કેન્દ્રો આસપાસ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યા છે.

પરીક્ષામાં પ્રશ્નપત્રોના ટ્રાન્સપોર્ટેશન, પરીક્ષાર્થીઓને પેપરનું ડિસ્ટ્રિબ્યુશન અને પરીક્ષા પૂર્ણ થયા બાદ આન્સર શીટ્સના રિવર્સ ટ્રાન્સપોર્ટેશન સુધીની તમામ પ્રક્રિયા માટે ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ છે.

આ અંગે લૉ એન્ડ ઓર્ડર આઇજીપી શ્રી મકરંદ ચૌહાણે વધુ વિગતો આપતાં જણાવ્યું કે, પરીક્ષાના સફળ આયોજન માટે ગુજરાત પોલીસ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ તેમજ NTA અને અન્ય સંબંધિત એજન્સીઓ સાથે સતત સંપર્ક અને સંકલનમાં રહીને કામ કરી રહી છે. વિદ્યાર્થીઓ સમયસર અને કોઈપણ અવરોધ વગર પરીક્ષા કેન્દ્ર પર પહોંચી શકે તે માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે.

## BYTE - MAKARAND CHAUHAN, IGP, LAW AND ORDER

ગાંધીનગર જિલ્લામાં પરીક્ષા પાંચ કેન્દ્રો પર યોજાશે. કેન્દ્રીય વિદ્યાલયના આચાર્ય આલોક કુમાર તિવારીએ જણાવ્યું કે, પરીક્ષા માટે ત્રણ સ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે

## BYTE: ALOK KUMAR TIWARI, PRINCIPAL, KENDRIYA VIDYALAYA

રાજકોટ શહેરના કુલ-૧૨ કેન્દ્રો ખાતે પરિક્ષા યોજાશે. પરીક્ષા કેન્દ્ર પર પરીક્ષાર્થીઓને સવારે ૧૧.૦૦ થી ૦૧.૩૦ વાગ્યા સુધી પ્રવેશ આપવામાં આવશે.

## SURAT LOKARPAN –PATIL

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલે સુરત મહાનગરપાલિકાના ૯૮ કરોડ રૂપિયાના વિવિધ વિકાસ કાર્યોનું ઈ-લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય મંત્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, બ્રિજ સિટી સુરતમાં ૧૨૫થી વધુ બ્રિજનું નિર્માણ કરીને શહેરની ટ્રાફિક સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવ્યો છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ઘોડદોડ રોડ ખાતે ૧૬ કરોડના ખર્ચે નિર્માણ પામનાર નારી સંરક્ષણગૃહનું ખાતમુહૂર્ત પણ કર્યું હતું. આ નારી સંરક્ષણગૃહમાં ૧૦૧ પીડિત, શોષિત મહિલાઓ આશ્રય લઇ શકશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.................................

## PM KISAN -DISTRICT

રાજપીપલા ખાતે સાંસદ મનસુખ વસાવાના અધ્યક્ષતામાં 'પી.એમ. કિસાન ઉત્સવ દિવસ'ની ઉજવણી કરાઈ હતી. વન અને પર્યાવરણ રાજ્યમંત્રી પ્રવીણ માળીની અધ્યક્ષતામાં પાલનપુર ખાતે "પી.એમ. કિસાન ઉત્સવ દિવસ સહ મિલેટ મેળા"નું આયોજન કરવામાં આવ્યું હતું.

બનાસકાંઠા જિલ્લાના બે લાખ ૪૫ હજાર ખેડૂતોના ખાતામાં ૪૯ કરોડ રૂપિયાથી વધુની સહાય સીધી જમા કરવામાં આવી હતી. અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે જિલ્લા કક્ષાનો પીએમ કિસાન ઉત્સવ દિવસ ઉજવાયો. કાર્યક્રમના અધ્યક્ષ મયૂર પટેલે આ અંગે બોલતા જણાવ્યું કે,

**BYTE: MAYUR PATEL, CHAIRMAN, P.M. KISAN UTSAV ARVALLI**

ડાંગ જિલ્લામાં પીએમ કિસાન ઉત્સવ કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા કક્ષાનો મુખ્ય કાર્યક્રમ વઘઈ ખાતે યોજાયો હતો. કાર્યક્રમમાં ખેતીવાડી યોજનાના એક હજાર **618** ખેડૂત લાભાર્થીઓને સોયાબીન, ડાંગર, તુવેર, અડદ અને રાગીનું બિયારણ વિતરણ કરવામાં આવ્યું હતું.

## GSRTC QR CODE

રાજ્યના **ST** નિગમ દ્વારા માર્ચ 2025માં પ્રાયોગીક ધોરણે શરૂ કરાયેલી **QR**-કોડ આધારિત મુસાફર પ્રતિભાવ પ્રણાલીને મુસાફરોનો બહોળો પ્રતિસાદ મળ્યો છે.

બસ સેવાઓમાં મુસાફરોને વધુ સુરક્ષિત, આરામદાયક અને ગુણવત્તાસભર મુસાફરીનો અનુભવ મળે તે હેતુથી આ ફીડબેક સિસ્ટમ શરૂ કરાઇ છે. મુસાફરો મુસાફરી દરમિયાન **QR** કોડ સ્કેન કરીને પોતાના મોબાઇલ ફોન દ્વારા સીધો પ્રતિસાદ આપી શકે છે. કોઇ ફરિયાદ હોય તો તે પણ જણાવી શકે છે.

**GSRTC**ના **PRO** શ્રદ્ધા ભટ્ટએ જણાવ્યું કે, આ ડિજિટલ વ્યવસ્થાને સારો પ્રતિસાદ મળતા હવે **ST** નિગમે તેને વ્યાપક સ્તરે અમલમાં મૂકી છે.

### BYTE: SHRADDHA BHATT, PRO, GSRTC

## SHAPAR-VERAVAL ROBBERY

રાજકોટ જિલ્લાના ઔદ્યોગિક વિસ્તાર શાપર-વેરાવળમાં વૃદ્ધને બંધક બનાવી અઢી કરોડ રૂપિયાની લૂંટ કરાઇ છે.

અમારા પ્રતિનિધિના જણાવ્યા મુજબ શાપર વિસ્તારમાં **77** વર્ષના વૃદ્ધ જીતેન્દ્રસિંહ જાડેજા પોતાના ઘરમાં એકલા હતા, ત્યારે રાતે દોઢેક વાગ્યે દરવાજો તોડીને ઘૂસેલા પાંચ બુકાનીધારી લૂંટારૂઓએ તેમને બંધક બનાવી રોકડ, દાગીના મળી બે કરોડ **49** લાખ રૂપિયાની માલમત્તાની લૂંટ ચલાવી છે.

લૂંટારાઓ રોકડ-દાગીનાની સાથે સાથે પરવાનાવાળી રાયફલ અને મોબાઇલ ફોન પણ લૂંટી ગયા હતા. બનાવની જાણ થતાં પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા. પ્રાથમિક તપાસમાં જમીન વેંચાણની મોટી રકમ ઘરમાં હોવાની અને વૃદ્ધ એકલા જ હોવાની વિગતોથી વાકેફ જાણેભેદુઓએ લૂંટની ઘટનાને અંજામ આપ્યાની શંકા છે.

## WEATHER

હવામાન વિભાગે આગામી સાત દિવસ દરમિયાન રાજ્યના વિવિધ વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદની આગાહી કરી છે. આજથી **25** જૂન દરમિયાન દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસાદી પ્રવૃત્તિ વધવાની સંભાવના હોવાનું જણાવ્યું છે.

દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની ગતિ વધવાની શક્યતા હોવાથી માછીમારોને સાવચેત રહેવા અને દરિયો ન ખેડવાની ચેતવણી આપવામાં આવી છે.

# SWAGAT ONLINE

રાજ્ય સ્વાગત ઓનલાઇન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ આવતીકાલે યોજાશે. રાજ્યમાં **23**થી **25** જૂન દરમિયાન યોજનારા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમને કારણે આ મહિનાનો રાજ્ય સ્વાગત ગુરૂવારને બદલે આવતીકાલના રોજ યોજાશે. જેમાં રજૂઆત કર્તાઓ આવતીકાલ સવારે **8** વાગ્યાથી **11** વાગ્યા સુધીમાં પોતાની રજૂઆતો, સ્વર્ણિમ સંકુલ-**2** ગાંધીનગર ખાતે રૂબરૂ ઉપસ્થિત રહીને આપી શકશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ બપોર બાદ પ્રત્યક્ષ ઉપસ્થિત રહીને નાગરિકોની રજૂઆતો **SWAGAT ONLINE** ના નિવારણ-ઉકેલ માટે માર્ગદર્શન કરશે.

-----------------------------------